મયુરનગરમાંથી જુગાર રમતા ચાર પકડાયા:

જામજોધપુરમાં ગંજીપાના કૂટતા ચાર શખ્સ ઝડપાયા: નવ પત્તાપ્રેમી પલાયન

જામનગર તા.૨૭ : જામનગરના ગોકુલનગરના મયુરનગરમાંથી ચાર શખ્સ તીનપત્તી રમતા રૂ.૧૪૦૫૦ સાથે ઝડપાયા છે. જ્યારે જામજોધપુરની પાંચીયાણી શેરીમાંથી ચાર પત્તાપ્રેમી પોલીસના દરોડામાં પકડાયા છે અને નવ નાસી ગયા છે. રોકડ, બાઈક સહિત રૂપિયા સાડા ત્રણ લાખનો મુદ્દામાલ કબજે કરાયો છે. ઝાખર ગામના પાટીયા પાસેથી વર્લીબાજની અટકાયત કરાઈ છે.

જામનગરના ગોકુલનગર નજીકના મયુરનગરમાં જુગાર રમાતો હોવાની બાતમી પરથી ગઈકાલે સાંજે ઉદ્યોગનગર પોલીસચોકીના પીએસઆઈ આર.ડી. ગોહિલ તથા સ્ટાફે પીઆઈ જે.જે. ચાવડાની સુચનાથી ત્યાં આવેલી શેરી નં.૨માં દરોડો પાડયો હતો.

આ સ્થળે ગંજીપાના વડે જુગાર રમતા ચમનભાઈ કેશવજીભાઈ પાડલીયા, અજય કરણભાઈ વાઘેલા, ચેતન ગગજીભાઈ પરમાર, વિજય ભીખુભાઈ ઠકરાણી નામના ચાર શખ્સ મળી આવ્યા હતા. પોલીસે પટમાંથી રૂ.૧૪૦૫૦ કબજે કરી ગુન્હો નોંધ્યો છે.

જામજોધપુરની પાંચીયાણી સીમ વિસ્તારમાં ગઈરાત્રે જુગારની જમાવટ થઈ હોવાની બાતમી મળતા રાત્રે સાડા બાર વાગ્યે જામજોધપુર પોલીસ સ્ટેશનના સ્ટાફે દરોડો પાડી ત્યાં એક વોકળામાં ટોર્ચના અજવાળે તીનપત્તી રમતા ચંદુભાઈ છગનભાઈ રાબડીયા, જસ્મિન મનસુખભાઈ ઝાલાવડીયા, દિવ્યેશ વાલજીભાઈ ભલસોડ, મીત દિનેશભાઈ ગેડાણીયા નામના ચાર શખ્સ ઝડપાઈ ગયા હતા. પોલીસને જોઈને ટોની ધાબાવાળા, દાનાભાઈ કડીવાર, પ્રતિક જોષી, મેસુર ઉર્ફે મેહુલ રબારી, મેરો રબારી, પ્રકાશ વીરાભાઈ પરમાર, અશોક બાવરીયા, ભુટાભાઈ કાલરીયા, જય કાંજીયા નામના નવ શખ્સ નાસી ગયા હતા. પટમાંથી રૂ.૫૧૨૦૦ રોકડા, ૧૨ બાઈક મળી કુલ રૂ. ૩,૭૧,૨૦૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

જામનગર-ખંભાળિયા રોડ પર ઝાખર ગામના પાટીયા પાસે ગઈકાલે સાંજે વર્લીના આંકડા લખતા દિલીપ કિશોરભાઈ વાઘેલા નામના શખ્સને પોલીસે પકડી લીધો છે.

ચાર પ્રહર આરતી, ઘીની મહાપૂજા, ભવ્ય દર્શન, મહાઆરતી, હર હર મહાદેવની ધૂન સાથે

ખંભાળિયા શહેર-તાલુકાના શીવ મંદિરોમાં મહાશિવરાત્રિની ઉજવણી

ખંભાળિયા તા.૨૭: ખંભાળિયા શહેર તથા તાલુકાના શિવ મંદિરોમાં ભવ્ય પૂજા દર્શન રાત્રિ ચાર પ્રહર આરતી અને મહાઆરતી સાથે મહાશિવરાત્રિ ઉજવાઈ હતી.

ખંભાળિયા શહેર તથા તાલુકાના શિવમંદિરોમાં ગઈકાલે શિવરાત્રિના સાંજે અનેક સ્થળે ભવ્ય દર્શન સાથે મહા આરતી તથા અનેક શિવ મંદિરોમાં ઘી મહાપૂજાના દર્શનો યોજાયા હતા જેમાં ભાવિકો મોટી સંખ્યામાં ઉમટયા હતા.

ખંભાળિયામાં રામનાથ મહાદેવ મંદિરે વિશિષ્ટ ફૂલ શણગાર સાથે ઘીની મહાપૂજા દર્શન, ખામનાથ મહાદેવમાં પણ ઘી મહાપૂજા તથા વિશિષ્ટ શ્રૃંગાર, પ્રાચીન શ્રી પાળેશ્વર મહાદેવ, શરણેશ્વર મહાદેવ તથા મહાદેવ વાડા વિસ્તારના વિદ્યાશંકર મહાદેવ, સિદ્ધનાથ મહાદેવ, ભીડભંજન મહાદેવ, ભોળેશ્વર મહાદેવ, કોટેશ્વર મહાદેવ વિ. શિવ મંદિરોમાં પણ ભવ્ય શ્રૃંગારના દર્શન યોજાયા હતા. કલ્યાણરાયજી મંદિરમાં કોટેશ્વર મહાદેવ તેની પાછળની શેરીમાં ફાફડેશ્વર મહાદેવ, ગ્રામ્ય પંચકના બજાણામાં કાશી વિશ્વનાથ મહાદેવ, ભરાણામાં ધીંગેશ્વર મહાદેવ, સલાયા પાસે નાગનાથ મહાદેવ, વડત્રા ધીંગેશ્વર મહાદેવ, ભાતેલ ભોળેશ્વર મહાદેવ, શકિતનગરમાં શીરેશ્વર મહાદેવ, ભાણવડ ઈન્દ્રેશ્વર મહાદેવ, બીળેશ્વર મહાદેવ, કિલેશ્વર મહાદેવ દંતેશ્વર મહાદેવ દાત્રાણામાં ભાવિકો ઉમટયા હતા. તથા ભાંગના પ્રસાદ સાથે હર હર મહાદેવની ધૂન બોલાવી હતી તથા રાત્રે ચાર પ્રહર આરતી સવાર સુધી અનેક પ્રાચીન શિવ મંદિરોમાં યોજાઈ હતી.

સંક્ષિપ્ત સમાચાર

- ★ અનિશ્ચિત કાળ સુધી જમીન માલિકોને જમીનથી વંચિત ન કરી શકાય: સુપ્રિમ કોર્ટ.
- ★ ચિલીમાં વીજકાપથી ૮૦ લાખ ઘરોમાં અંધારપટ, સેના રસ્તા પર ઉતરી.
- ★ ભાડુઆત મકાન માલિકને બીજી સંપત્તિ ખાલી કરાવવાનો આદેશ ન આપી શકે: સુપ્રિમકોર્ટ.
- ★ 'ટ્રાઈ' એ કરેલી એફએમ પર લાઈવ સ્પોર્ટસ કવરેજની ભલામણ એઆરઓઆઈએ સ્વીકારી.
- ★ કવિ, નિબંધકાર અનિલ જોશીનું ૮૪ વર્ષની વયે નિધન.
- ★ કાયદા મંત્રાલયે રાજ્યસભામાં કહ્યું કે, કોર્ટ કેસો લડવા પાછળ સરકારે છેલ્લા ૧૦ વર્ષમાં ૪૦૦ કરોડથી વધુ ખર્ચ કર્યો.

મહિલાને વીજ આંચકો ભરખી ગયો:

જામનગરના પ્રૌઢ તથા ખંભાળિયાના યુવાનને હૃદયરોગનો હુમલો: બંનેના મૃત્યુ

જામનગર તા.૨૭ : જામનગરના એક પ્રૌઢને હૃદયરોગનો હુમલો ભરખી ગયો છે. જ્યારે ખંભાળિયામાં શિવ શોભાયાત્રામાંથી પરત ફરતી વેળા એક યુવાનને છાતીમાં દુખાવો ઉપડયા પછી તેમનું મૃત્યુ થયું છે. રિદ્ધિ સિદ્ધિ સોસાયટીમાં રહેતા પરિણીતાને વીજ આંચકો લાગતા તેણીનું સારવારમાં મૃત્યુ નિપજ્યું છે.

જામનગરના ગોકુલનગર નજીકના અયોધ્યાનગરમાં શેરી નં.૬માં રહેતા પરબતભાઈ રામભાઈ ચાવડા (ઉ.વ.૫૬) નામના પ્રૌઢ ગઈકાલે બપોરે પોતાના ઘરે હતા ત્યારે છાતીમાં દુખાવો થવા લાગતા તેઓને સારવાર માટે ખસેડવાની તજવીજ કરાઈ હતી. તે પહેલાં હૃદયરોગના હુમલાથી આ પ્રૌઢનું મૃત્યુ થયું હતું. તેમના પુત્ર પારસભાઈએ પોલીસને જાણ કરી છે.

જામનગરના રણજીત સાગર રોડ પર આવેલી સાધના કોલોની નજીક રિદ્ધિ સિદ્ધિ સોસાયટીમાં રહેતા બીબીબેન મોહસીનભાઈ દરજાદા નામના પરિણીતા મંગળવારે સવારે પોતાના ઘરે હતા ત્યારે તેઓને કોઈ રીતે વીજ આંચકો લાગ્યો હતો. સારવાર માટે હોસ્પિટલ ખસેડાયેલા આ મહિલાનું ટૂંકી સારવારના અંતે મૃત્યુ નિપજ્યું છે. પતિ મોહસીન દરજાદાએ પોલીસને જાણ કરી છે.

ખંભાળિયા શહેરના ખોડિયાર ચોક વિસ્તારમાં રહેતા દિવ્યભાઈ નિલેશભાઈ જોષી (ઉ.વ.૨૪) નામના યુવાન ગઈકાલે સાંજે સાડા પાંચેક વાગ્યે પોતાના ઘર પાસે હતા ત્યારે તેઓને હૃદયરોગનો પ્રાણઘાતક હુમલો આવી જતાં તેઓનું મૃત્યુ નિપજ્યું છે. જય કમલેશભાઈ જોષીએ પોલીસને જાણ કરી છે. સદ્ગત યુવાન નિવૃત્ત પોલીસ કર્મચારી સ્વ. હરીભાઈ જોષીના પૌત્ર હતા અને ખંભાળિયામાં ઈલેક્ટ્રીકની દુકાન ચલાવવા ઉપરાંત શહેર યુવા ભાજપમાં હોદ્દેદાર તરીકે સેવા આપતા હતા. તેઓ ગઈકાલે શિવ શોભાયાત્રામાં જોડાયા હતા. ત્યાંથી પરત ફરતી વખતે તેઓને છાતીમાં દુખાવો ઉપડતા ખાનગી દવાખાને લઈ જવાયા હતા અને જ્યાં તેઓએ અંતિમ શ્વાસ લીધા હતા.

૧૮ વર્ષ પહેલાં બે શખ્સે ચલાવી હતી લૂંટ:

જોડિયા પાસેથી પોલીસની ઓળખ આપી ડીઝલ ભરેલા ટેન્કરની લૂંટ કરનારની મુક્તિ

જામનગર તા.૨૭ : જોડિયાના બાલંભા પાસે ૧૮ વર્ષ પહેલાં રાત્રિના સમયે બે શખ્સે ૨૦ હજાર લીટર ડીઝલ ભરેલા ટેન્કરની પોલીસ તરીકેની ખોટી ઓળખ આપી લૂંટ ચલાવી હોવાનો કેસ ચાલી જતાં અદાલતે બે આરોપીનો છૂટકારો કર્યો છે.

જોડિયા તાલુકાના બાલંભા ગામ પાસેથી ગઈ તા.૧૮-૪-૦૭ની રાત્રે દોઢેક વાગ્યે અબ્દુલ ડાડુ નામનો ટ્રક ડ્રાઈવર ગાંધીધામની ટ્રાન્સપોર્ટ કંપનીનું ટેન્કર લઈને ઓખા તરફ જવા માટે નીકળ્યો હતો. તેની સાથે સીકંદર નામનો ક્લિનર અને અબ્દુલનો ભાણેજ પણ હતા.

તેઓના ટેન્કરમાં ૨૦ હજાર લીટર ડીઝલ ભરેલુ હતું. બાલંભા પાસે તે સમયે ઉભા રહેલા બે શખ્સે ટેન્કર રોકવા ઈશારો કર્યો હતો પરંતુ અબ્દુલે ટેન્કર ભગાડી મુકતા મોટરમાં તેનો પીછો કરી ટેન્કર રોકી લેવાયું હતું. આ પછી મોટરમાં આવેલા બે શખ્સે પોતાની ઓળખ પોલીસ તરીકેની આપી ટેન્કરને ખંભાળિયા પોલીસ સ્ટેશને લઈ લેવા સૂચન કર્યું હતું. માર્ગમાં લઘુશંકા કરવાનું કહેતા અબ્દુલને ઉતારવામાં આવ્યો હતો અને અબ્દુલે દોટ મૂકી હતી. તે પછી સિકંદર તથા તેના ભાણેજને માર મારી બે શખ્સ ટેન્કર લૂંટી ગયા હતા.

રાત્રિના સમયે ધોરીમાર્ગ પર દોડતા જતા અબ્દુલને જોડિયા પોલીસ સ્ટેશનના પેટ્રોલિંગમાં રહેલા સ્ટાફે રોકાવી પૂછપરછ કર્યા પછી બનાવના સ્થળે દોટ મૂકી હતી પરંતુ તે પહેલાં ટેન્કર સાથે આરોપીઓ નાસી ગયા હતા. પોલીસે ગુન્હો નોંધી શરૂ કરેલી તપાસમાં રાજભા ઉર્ફે પ્રવીણસિંહ પીંગળસુર, શૈલેષ અનંતરાય ત્રિવેદી નામના બે શખ્સના નામ ખુલ્યા હતા. પોલીસે ટેન્કર કબજે કરી બંને શખ્સની ધરપકડ કરી હતી.

ઉપરોકત કેસ જામનગરની અદાલતમાં ચાલવા પર આવતા ફરિયાદ પક્ષે ૨૬ સાક્ષીની જુબાની અને ૧૯ દસ્તાવેજી પુરાવા રજૂ કર્યા હતા. તેની સામે બચાવપક્ષે દલીલ કરી હતી કે, આરોપીઓની ઓળખ મળે તેવા શારીરિક બાંધાનું વર્ણન ફરિયાદમાં દર્શાવાયું નથી, ઓળખ પરેડ કરાવનાર એક્ઝી. મેજી.ની જુબાની લેવાઈ નથી, ઓળખ પરેડના પંચોએ ઓળખને સમર્થન આપ્યું નથી અને ટ્રક કબજે કરવાથી કે લૂંટનો મુદ્દામાલ અન્ય સ્થળેથી કબજે કરવાથી આરોપીઓ આ ગુન્હામાં સંડોવાયેલા છે તેમ અનુમાન ન કરી શકાય. અદાલતે તે દલીલો ગ્રાહ્ય રાખી આરોપીઓનો છૂટકારો ફરમાવ્યો છે. આરોપી તરફથી વકીલ ડો. વી.એચ. કનારા તથા એસ.બી. વોરીયા, ડી.એન. ભેડા, વી.ડી. બારડ, આર.ડી. સીસોટીયા, રૂપાબેન વસરા, જે.એમ. નંદાણીયા, પી.ડી. વરૂ, વી.એસ. ખીમાણીયા રોકાયા હતા.

વાહન બદલે કે સ્ક્રેપ થાય ત્યારે

વાહનધારકો હાલનો વાહન નંબર પોતાના અન્ય વાહન માટે પોતાની પાસે રાખી શકશે

કેટલાક અન્ય રાજ્યોની જેમ ગુજરાતમાં શરતી નવા નિયમો લાગુ: નોટીફિકેશન

જામનગર તા. ૨૭: વાહનમાલિકે આરટીઓમાંથી મેળવેલ વાહન નંબર આજીવન પોતાની પાસે રાખી શકશે. આ માટેનું નોટીફિકેશન સરકાર દ્વારા બહાર પાડવામાં આવ્યું છે, જો કે આ માટે કેટલીક શરતો રાખવામાં આવી છે. રાજસ્થાન, મહારાષ્ટ્ર, હરિયાણા, પંજાબ, ચંદીગઢ વગેરે રાજ્યમાં આ સિસ્ટમ ચાલુ છે. હવે ગુજરાતમાં ટુ અને ફોર વ્હીલમાં આ સિસ્ટમ લાગુ કરવામાં આવશે.

વાહન ખરીદી પછી તેની નોંધણી કરાવવામાં આવે છે અને તેનું આર.ટી.ઓ.માં રજિસ્ટ્રેશન કરાવાતા ત્યાંથી નંબરની ફાળવણી આવે છે. હવે બે કિસ્સામાં વાહનમાલિક પોતાના વાહનનો નંબર પોતાની પાસે રાખી શકશે.

જેમાં વાહનની માલિકી જ્યારે તબદીલ થઈ રહી હોય અને વાહન માલિક પોતાના વાહનનો નંબર રિટર્ન કરવા પાત્રતા હોય તેવા કિસ્સામાં વાહનમાલિક જ્યારે વાહનના નામ ટ્રાન્સફર કરવાની અરજી કરે ત્યારે તેમણે જુના નંબર માટે અરજી કરવાની રહેશે જેથી તેના નવા વાહન માટે જુનો નંબર રાખવાનો અને જુનું વાહન તબદીલ તથા તેને નવો નંબર ફાળવાશે.

ઉપરાંત બીજા કિસ્સામાં વાહન સ્ક્રેપમાં જતું હોય તેવા કિસ્સામાં વાહન નંબર રિટર્ન થશે. જેમાં સ્ક્રેપ થનાર વાહનને અન્ય નંબર ફાળવાશે અને જુના વાહનનો નંબર પોતાના નવા વાહન માટે ફાળવાશે.

માલિક પોતાના વાહનનો નંબર નવા ખરીદાયેલ વાહનને જ ફાળવાશે. જુના વાહન ઉપર નંબર રિટર્ન થશે નહીં. ઉપરાંત બન્ને વાહન એક જ માલિકીના હોવા જોઈએ.

જનતા ફાટક પાસે થયો હતો અકસ્માત:

ઈજાગ્રસ્ત વ્યક્તિના રૂ.૬૯ હજાર રોકડા તથા મોબાઈલ ૧૦૮ ટીમે પરિવારને સોંપ્યા

જામનગર તા.૨૭ : જામનગરના જનતા ફાટક પાસે અકસ્માતમાં ઈજા પામેલા એક વ્યક્તિ પાસેથી રોકડ તથા મોબાઈલ મળ્યા હતા. બેભાન આ વ્યક્તિના પરિવારને તે વસ્તુઓ ૧૦૮ના સ્ટાફે સોંપતા પરિવારજનોએ આભાર વ્યક્ત કર્યો હતો.

જામનગરના જનતા ફાટક વિસ્તારમાં મંગળવારે બપોરે મોખાણા પાટીયા નજીક રહેતા મહેશભાઈ ફલીયા બાઈક પર જતા હતા ત્યારે કોઈ રીતે બાઈક સ્લીપ થઈ જતાં આ પ્રૌઢ પડી ગયા હતા અને માથા તથા મ્હોના ભાગે ઈજા થતાં બેભાન બની ગયા હતા.

આ વેળાએ કોઈએ ૧૦૮ને જાણ કરતા ઈએમટી અમિષા બેન ડાંગર, પાયલોટ સુખદેવ સિંહ વાળા ધસી ગયા હતા. તેઓએ ઈજાગ્રસ્તને સારવાર માટે ખસેડ્યા હતા. તે દરમિયાન મહેશભાઈ પાસેથી રૂ.૬૯ હજાર રોકડા તથા મોબાઈલ મળ્યા હતા.

ઉપરોક્ત રકમ તથા મોબાઈલ ૧૦૮ના સ્ટાફે હોસ્પિટલ પહોંચી ગયેલા મહેશભાઈના પરિવારજનોને સોંપી આપતા તેઓએ આભાર વ્યક્ત કર્યો હતો.

સિક્કા પોલીસે ચાર લાખની મોટર કબજે કરી:

અમદાવાદના રામોલમાંથી ચોરાયેલી મોટર સાથે નગરના બે શખ્સ ઝડપાયા

જામનગર તા.૨૭ : જામનગરના સિક્કા ગામ પાસે પસાર થતી એક સ્વીફ્ટને રોકાવી પોલીસે તેમાં જઈ રહેલા જામનગરના બે શખ્સની પૂછપરછ કર્યા પછી તપાસ કરતા આ મોટર ચોરાયાની અમદાવાદના રામોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ હોવાનું ખૂલ્યું છે. પોલીસે ચોરાઉ મોટર કબજે કરી બંને શખ્સની અટકાયત કરી લીધી છે.

જામનગર તાલુકાના સિક્કામાં પોલીસ સ્ટાફ દ્વારા કરવામાં આવી રહેલા પેટ્રોલિંગમાં સફેદ રંગની સ્વીફ્ટ મોટર પસાર થતી જોવા મળતા પોલીસે તેને રોકાવી હતી. જીજે-૨૭-ડીએમ ૪૧૧૮ નંબરની આ મોટરમાં જઈ રહેલા જામનગરના વહેવારીયા મદ્રેસા નજીક વસવાટ કરતા શહેઝાદ લતીફ ઈયલ તથા રંગુનવાલા હોસ્પિટલ પાસે રહેતા ફૈઝલ હસન આરબ નામના શખ્સો પાસે કાગળો માંગ્યા હતા.

પોલીસ સમક્ષ આ શખ્સો યોગ્યવાઈ જતાં પોલીસે પોકેટ કોપ તથા એમ-પરિવહન એપ મારફતે આ વાહનની તપાસ કરતા અમદાવાદ જિલ્લાના રામોલ પોલીસ સ્ટેશનમાં ગયા વર્ષે ઉપરોક્ત મોટર ચોરાયાની ફરિયાદ હોવાનું જણાઈ આવ્યું હતું. પોલીસે રૂ.૪ લાખની કાર કબજે કરી શહેઝાદ તથા ફૈઝલની અટકાયત કરી છે.

સ્ટેટ હાઈવે પર

લીંબડી-ચરકલા ડામર રોડનું પેચવર્ક કરાવવા ઉઠતી લોકમાંગણી

લિંબડીથી ચરકલા હાઈવે અતિ મોટા ખાડા ખરબચડાવાળો થઈ ગયો છે. આ રસ્તા પર હમણાં પગપાળા ચાલીને દ્વારકા જતાં વટે માર્ગુને ખૂબ જ અગવડતા ઉભી થાય એવી પરિસ્થિતિ નિર્માણ થાય તેમ છે. તેથી સત્વરે આ રસ્તા પર ડામરનું પેચવર્ક કરવા લોકમાંગણી ઉઠી છે.

કાલાવડ હોમગાર્ડઝ યુનિટના સભ્યને બરતરફ કરવાનો હુકમ

જામનગર તા. ૨૭: જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના હોમગાર્ડઝ યુનિટનાં સભ્ય ઈરફાન હસનભાઈ પટણી અવારનવાર ગુન્હો કરવાની ટેવવાળા હોય, અને તેના ઉપર પ્રોહિબીશન અને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ હેઠળ પણ ગંભીર ગુનો નોંધાયેલ હોય, અને તેઓ આ ગુન્હાના કામે લાંબા સમયથી જેલમાં હોય, હોમગાર્ડઝ દળમાં કાયદો-વ્યવસ્થા અને શિસ્તબદ્ધતા સૌપ્રથમ જરૂરી હોય., અને આ હોમગાર્ડઝ સભ્ય દ્વારા દળની ગરિમા અને પ્રતિષ્ઠા ખરડાઈ એવું કૃત્ય આચર્યું હોય, દળની પ્રતિષ્ઠા અને ગરિમા જળવાય રહે તેવાં હેતુથી જિલ્લા હોમગાર્ડઝ કમાન્ડન્ટ ગીરીશ સરવૈયાએ કાલાવડ પોલીસનો રેકોર્ડ અને કાલાવડ યુનિટ ઓફિસરનાં અભિપ્રાય સાથે સહમતિ દર્શાવી કાલાવડ તાલુકા યુનિટના હોમગાર્ડઝ સભ્ય ઈરફાન હસનભાઈ પટણી ને હોમગાર્ડઝ અધિનિયમ-૧૯૪૭ ની કલમ ૬(ખ)(૧) તથા હોમગાર્ડઝ નિયમો-૧૯૫૬ ના નિયમ-૯(ક) અને નિયમ-૧૨ વંચાણે લઈ હોમગાર્ડઝ દળ માંથી બરતરફ કરવાનો હુકમ કર્યો છે.!

લાલપુર: શાળામાં

રકતદાન કેમ્પ

જામનગર તા. ૨૭: લાલપુર તાલુકા શાળા દ્વારા રકતદાન કેમ્પ તા. ૨૮-૨ને શુકવારે સાંજે ૪:૩૦ થી ૮ વાગ્યા દરમિયાન લાલપુર તાલુકા શાળામાં યોજવામાં આવ્યો છે. સેવા ભારતી-ગુજરાત પ્રેરિત અને લક્ષ્મણરાવ ઈનામદાર સ્મૃતિ સમિતિ- જામનગરના સહયોગથી આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. વધુમાં વધુ લોકોને આ કેમ્પમાં રકતદાન કરવા જાહેર અનુરોધ કરવામાં આવ્યો છે.

ખંભાળિયામાં ગંજીપાનાથી જુગાર રમતા બે શખ્સ ઝબ્બે

રૂ.૫૯૦૦ કબજે કરાયા:

જામનગર તા.૨૭ : ખંભાળિયાના લોહાણા મહાજનવાડી વિસ્તારમાં કાલે બપોરે ગંજીપાનાથી જુગાર રમતા બે શખ્સને પોલીસે પકડી પાડ્યા છે.

ખંભાળિયા શહેરના લોહાણા મહાજન વાડી પાસે ગઈકાલે બપોરે જાહેરમાં ગંજીપાના વડે જુગાર રમતા અજાભાઈ ગગુભાઈ કારીયા, ભીખુભાઈ બાબુભાઈ ગોદરીયા નામના બે શખ્સને પોલીસે પકડી પાડ્યા હતા.

આ શખ્સોના કબજામાંથી પોલીસે રૂ.૫૯૦૦ રોકડા અને ગંજીપાના કબજે કરી ગુન્હો નોંધ્યો છે.

પશ્ચિમ રેલવે-રાજકોટ ડિવિઝન
વાર્ડ રિમોડેલિંગનું કામ
ઈ-ટેન્ડર નોટિસ નં. 39 વર્ષ 2024-25 તા. 25/02/2025; ખોડિયાર મારનામું ડિવિઝનલ રેલવે મેનેજર (એન્જીનીયરીંગ), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ, ગુજરાત - 360001; વેબસાઈટ: www.ireps.gov.in (01) ઈ-ટેન્ડર નં. DRM-RJT-2024-25-E-74R; કામનું નામ: રાજકોટ વિભાગ:- ખંભાળિયા: ખંભાળિયા વાર્ડ થી સલાયા પોર્ટ જુનોટી સુધી કનેક્ટિવિટી માટે યાર્ડ નં. 04 નું સ્ટ્રાંગરણ રનિંગ યાર્ડનમાં કરવા વાર્ડ રિમોડેલિંગનું કામ. અંદાજીત એનબાઈટી ખર્ચ: ₹ 2,15,86,541.11/- અર્નેસ્ટ મની: ₹ 2,57,900.00/- ટેન્ડર ખોલવાની તારીખ અને સમય: 20/03/2025 ના 15:00 કલાકે. 176
અમને mail કરો: facebook.com/WesternRly

જામનગર શહેર ભાજપ દ્વારા શિવ શોભાયાત્રાનું સ્વાગત

જામનગર તા. ૨૭: જામનગરમાં મહાશિવરાત્રિ પર્વ નિમિત્તે યોજાયો પરંપરાગત શિવ શોભાયાત્રાનું બેડી ગેઈટ પાસે જામનગર શહેર ભાજપ દ્વારા સ્વાગત કરી શિવજીની પાલખીમાં બિરાજમાન મહાદેવની પ્રતિમાનું પૂજન કરવામાં આવ્યું હતું.

ભારતીય જનતા પાર્ટી જામનગર શહેર અધ્યક્ષ ડો. વિમલભાઈ કગથરા, મહામંત્રી પ્રકાશભાઈ બાંભણીયા, વિજયસિંહ જેઠવા, મેરામણ ભાટુ, સાંસદ પુનમબેન માડમ, ધારાસભ્યો દિવ્યેશ અકબરી, રીવાબા જાડેજા, મેયર વિનોદ ખીમસુરિયા, ડેપ્યુટી મેયર કિષ્ણાબેન સોઢા, સ્ટે. કમિટી ચેરમેન નિલેશ કગથરા, શાસકપક્ષ નેતા આશિષ જોશી, દંડક કેતન નાખવા, શિક્ષણ સમિતિ ચેરમેન પરષોતમ કકનાણી સહિત શહેર સંગઠનના હોદ્દેદારો, કોર્પોરેટરો, મોરચાના પદાધિકારીઓ, વોર્ડ પ્રમુખો, વોર્ડ પ્રભારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

ખંભાળિયામાં આચાર્યશ્રીઓની બેઠક:

દેવભૂમિ દ્વારકા જિલ્લા આચાર્ય સંઘના હોદ્દેદારોની વરણી: પ્રમુખ તરીકે વી.ડી. ગોજીયા

જામનગર તા. ૨૭: દેવભૂમિ દ્વારકા જિલ્લાના આચાર્યોની બેઠક ખંભાળિયામાં યોજાઈ હતી. જેમાં ત્રણ વર્ષ માટે જિલ્લા આચાર્ય સંઘના હોદ્દેદારો તરીકે વી.ડી. ગોજીયા (પ્રમુખ) વજસીભાઈ એચ. ગોજીયા (મહામંત્રી), બાલુભાઈ વાઢેળ (અધ્યક્ષ) તથા અન્ય હોદ્દાઓ પર સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

એલર્જી, ડાયાબીટીસ, અસ્થમા, થાયરોડના નિષ્ણાંત

હોમિયોપેથીના નિષ્ણાંત
ડો.જયદિપ યાદવ
એમ.ડી. હોમિયોપેથ
આ રવિવારે જામનગરમાં મળશે
ઉજ્જવલ ઈમેજીંગ, બીજો માળ, ગીરીરાજ કોમ્પ્લેક્ષ, જોલી બંગલા પાસે, સુમેર કલબ મેઈન રોડ, જામનગર
એપોઈન્ટમેન્ટ માટે સંપર્ક : ૯૯૭૯૯ ૦૮૪૦૦
નિયમીત મળશે : ૨૧૨, જામલ કોમ્પ., સ્ટરલીંગ હોસ્પીટલ સામે, નાણાવટી ચોક, રાજકોટ